# Telephone conversation between PM and President of Brazil

April 04, 2020

## વડાપ્રધાન અને બ્રાઝિલનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 04, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બ્રાઝિલનાં રાષ્ટ્રપતિ મહામહિમ જૈર મેસિઆસ બોલ્સોનારો સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી. બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારી ફેલાવાનાં સંદર્ભમાં વૈશ્વિક પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી.

વડાપ્રધાને કોવિડ-19 ને કારણે બ્રાઝિલમાં થયેલી જાનહાનિ પર દિલાસો પાઠવ્યો હતો. તેણે કહ્યું હતું કે આ સમયે બ્રાઝિલનાં મૈત્રીપૂર્ણ લોકો સાથે દરેક ભારતીયની પ્રાર્થનાઓ રહેલી છે.

કોવિડ-19 દ્વારા આવી પડેલી ગંભિર કટોકટીઓ પર કાબૂ મેળવવા બન્ને નેતાઓએ દ્વિપક્ષીય રીતે તેમજ બહુઆયામી સંસ્થાગત ફ્રેમવર્ક દ્વારા ભારત અને બ્રાઝિલ વચ્ચે નજીકનાં સહકારની અગત્યતા પર ભાગ મૂક્યો હતો. તેઓ કોવિડ બાદનાં વિશ્વ માટે વૈશ્વિકરણનો નવો માનવ-કેન્દ્રિત વિચાર ઘડવાની આવશ્યકતા પર સંમત થયા હતા.

વડાપ્રધાને આ મુશ્કેલ સમયમાં બ્રાઝિલનાં રાષ્ટ્રપતિને તમામ સંભવિત સહાયતા કરવાની ખાતરી આપી હતી. તેઓ સંમત થયા હતા કે કોવિડ-19 ની પરિસ્થિતિ અને તેમાંથી ઉદ્ભવતા પડકારો બાબતમાં તેઓનાં અધિકારીઓ નિયમિત સંપર્કમાં રહેશે.

આ વર્ષે ભારતનાં 70માં ગણતંત્ર દિવસની ઉજવણીઓમાં મુખ્ય મહેમાન તરીકે બ્રાઝિલનાં રાષ્ટ્રપતિની સહભાગીતાને કૃતજ્ઞતા સાથે યાદ કરતા, વડાપ્રધાને ભારત-બ્રાઝિલ મૈત્રીમાં વધતી ચમક પ્રત્યે આનંદ વ્યક્ત કર્યો હતો. તેણે ગત વર્ષે બ્રિક્સ (BRICS) ની આગેવાની માટે બ્રાઝિલનો આભાર પણ માન્યો હતો.

**નવી દિલ્હી**
**એપ્રિલ 04, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.